<u>**અગ્રતા ક્રમ – ૧૫**</u>

<u>પ્રસ્તાવના</u>

**માન. અધ્યક્ષશ્રી**

- માન. સભ્યશ્રી દ્રારા ઉપસ્થિત કરાયેલ અમદાવાદ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી મિશન – ઘઉં યોજના" પ્રશ્ન સબંધમાં વાત કરુ તો .....
- ભારત સરકારશ્રીની ૧૧મી પંચવર્ષીય યોજનાની ગાઇડ લાઇન મુજબ રાષ્ટ્રીય ખાધ સુરક્ષા મિશન યોજના વર્ષ ૨૦૦૭-૦૮ માં કઠોળ, ઘઉં અને ડાંગરના વાવેતર વિસ્તાર અને ઉત્પાદનમાં વધારો કરવા માટે શરૂ કરવામાં આવી.
- જેમાં કઠોળ, ઘઉં, ડાંગર ઉપરાંત બરછટ અનાજ અને રોકડીયા પાકો (કપાસ અને શેરડી) નો સમાવેશ કરવામાં આવેલ છે.
- સદર યોજનાનો વર્ષ ૨૦૧૫-૧૬ થી ભારત સરકારનો હિસ્સો ૬૦% અને રાજ્ય સરકારનો હિસ્સો ૪૦ % પ્રમાણે અમલ કરવામાં આવી રહેલ છે.

**માન. અધ્યક્ષશ્રી**

- યોજના હેઠળ ચોખા, ઘઉં, કઠોળ, શેરડી, કપાસ, બરછટ ધાન્ય અને ન્યુટ્રી સીરીયલના અમલીકરણ હેઠળના જિલ્લાઓના વાવેતર વિસ્તાર, ઉત્પાદકતા અને ઉત્પાદન વધારવું.
- યોજના હેઠળ વિવિધ ઘટકોના અમલીકરણ અંતર્ગત જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા પુન: સ્થાપિત કરવી. કૃષિની અર્થવ્યવસ્થા સુદ્રઢ કરી ખેડૂતોમાં વિશ્વાસ પુન:સ્થાપિત કરવો.
- જેમાં ક્લસ્ટર ડેમોસ્ટેશન/નિદર્શન, પ્રમાણીત બીજ વિતરણ, પ્રમાણીત બીજ ઉત્પાદન, ગૌણ અને સુક્ષ્મ તત્વો, જીપ્સમ, પાક સંરક્ષણ દવા અને બાયો એજન્ટ, ખેડૂત તાલીમ, શેરડી પાકના ટીસ્યુ કલ્ચર રોપાનું ઉત્પાદન અને વિતરણ વગેરે ઘટકોનો સમાવેશ કરવામાં આવેલ છે.

**અગ્રતા ક્રમ – ૧૫**

**પ્રશ્ન-૧: છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન - ઘઉં યોજના અંતર્ગત ઘઉં પાકમાં વર્ષવાર અને તાલુકાવાર કેટલા નિદર્શન ગોઠવવામાં આવ્યા ? અને કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન - ઘઉં યોજના અંતર્ગત ઘઉં પાકમાં ગોઠવવામાં આવેલ નિદર્શનની વિગતો જણાવુ તો,

| **અ.નં.** | **તાલુકાનું નામ** | નિદર્શનની સંખ્યા ૨૦૨૨-૨૩ | નિદર્શનની સંખ્યા ૨૦૨૩-૨૪ | નિદર્શનની કુલ સંખ્યા |
|---|---|---|---|---|
| ૧ | સાણંદ | ૩૪ | ૪૮ | ૮૨ |
| ૨ | બાવળા | ૩૫ | ૪૮ | ૮૩ |
| ૩ | દશ્ક્રોઇ | ૧૪ | ૬૧ | ૭૫ |
| ૪ | ધોળકા | ૩૩ | ૪૮ | ૮૧ |
| **જિલ્લાનું કુલ** | | **૧૧૬** | **૨૦૫** | **૩૨૧** |

**માન. અધ્યક્ષશ્રી**

અમદાવાદ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં ઘઉં પાકમાં ગોઠવવામાં આવેલ નિદર્શનના ખર્ચની વિગતો જણાવુ તો,

નિદર્શનનો ખર્ચ (રૂપિયામાં)

| **અ.નં.** | **તાલુકાનું નામ** | નિદર્શનનો ખર્ચ ૨૦૨૨-૨૩ | નિદર્શનનો ખર્ચ ૨૦૨૩-૨૪ | નિદર્શનનો કુલ ખર્ચ |
|---|---|---|---|---|
| ૧ | સાણંદ | ૩,૧૮,૫૮૦/- | ૩,૮૯,૬૭૭/- | ૭,૦૮,૨૫૭/- |
| ૨ | બાવળા | ૩,૧૧,૮૫૦/- | ૩,૭૭,૨૦૦/- | ૬,૮૯,૦૫૦/- |
| ૩ | દશ્ક્રોઈ | ૧,૨૩,૯૬૮/- | ૪,૯૭,૯૧૭/- | ૬,૨૧,૮૮૫/- |
| ૪ | ધોળકા | ૨,૮૬,૪૩૧/- | ૩,૯૬,૨૩૭/- | ૬,૮૨,૬૬૮/- |
| જિલ્લાનું કુલ | | **૧૦,૪૦,૮૨૯/-** | **૧૬,૬૧,૦૩૧/-** | **૨૭,૦૧,૮૬૦/-** |

આમ, છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં ઘઉં યોજના અંતર્ગત **કુલ ૩૨૧** નિદર્શન ગોઠવવામાં આવેલ છે. અને **રૂ. ૨૭,૦૧,૮૬૦/-** ની સહાય આપવામાં આવેલ છે.

<u>**અગ્રતા ક્રમ – ૧૫**</u>

**પ્રશ્ન - ૨ : નિદર્શન એટલે શું ? ઘઉં પાક નિદર્શનમાં કઇ કઇ ખેત સામગ્રી આપવામાં આવે છે ?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

- પાક ઉત્પાદન વધારવાના હેતુસર વૈજ્ઞાનિક ભલામણો મુજબની નવી સંશોધીત ખેત સામગ્રીનો ઉપયોગ કરી વધુ ખેત ઉત્પાદન મેળવવા પ્રગતિશીલ ખેડુતના ખેતર પર નિદર્શન ગોઠવવામાં આવે છે તેમજ તેને પ્રદર્શિત કરવામાં આવે છે તેને નિદર્શન કહેવામાં આવે છે.

**માન. અધ્યક્ષશ્રી**

**ઘઉં પાકના નિદર્શનમાં**

| **અ.નં** | **ખેત સામગ્રી** | |
|---|---|---|
| ૧. | બિયારણ | ઘઉંના સુધારેલ જાતના બિયારણ |
| ૨. | પ્રવાહિ જૈવિક ખાતર | એન.પી.કે. કોન્સોરટીયમ,<br>માઇકોરાઇઝા |
| ૩. | **આઇ.પી.એમ.** | લિક્વીડ ફ્રમેન્ટેડ ઓર્ગેનીક મેન્યુઅર |
| ૪. | સેન્દ્રીય ખાતરો | સેન્દ્રીય ખાતર |

**<u>અગ્રતા ક્રમ – ૧૫</u>**

**પ્રશ્ન - ૩ : નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન- ઘઉં યોજનાનો હેતુ શું છે ? અને ઘઉં પાકમાં નિદર્શન ઘટકમાં ખેડૂતોને કેટલી સહાય આપવામાં આવે છે ?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

**નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન- ઘઉં યોજનાના હેતુની વાત કરુ તો,**

- યોજનાના અમલીકરણ હેઠળના જિલ્લાઓમાં પાકનો વાવેતર વિસ્તાર, ઉત્પાદકતા અને ઉત્પાદન વધારવું.
- યોજના હેઠળ વિવિધ ઘટકોના અમલીકરણ અંતર્ગત જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદકતા પુન: સ્થાપિત કરવી.
- કૃષિની અર્થવ્યવસ્થા સુદ્રઢ કરી ખેડૂતોમાં વિશ્વાસ પુન:સ્થાપિત કરવો.

**માન. અધ્યક્ષશ્રી**

- નેશનલ ફૂડ સિક્યોરીટી મીશન - ઘઉં યોજના અંતર્ગત ઘઉં પાકમાં નિદર્શન ઘટકમાં ખેડૂતોને ક્લસ્ટર નિદર્શનમાં રૂ.૯૦૦૦/હેક્ટર તેમજ ક્રોપિંગ બેઈઝ નિદર્શનમાં રૂ.૧૫૦૦૦/હેક્ટર ની સહાય વધુમાં વધુ ખાતાદીઠ એક હેક્ટર માટે નિદર્શન આપવામાં આવે છે.

**<u>અગ્રતા ક્રમ – ૧૫</u>**

**પ્રશ્ન - ૪ : નિદર્શન માટે સ્થળ પસંદગી કેવી રીતે કરવામાં આવે છે ? તેમજ ખેત સામગ્રી કઈ રીતે નક્કી કરવામાં આવે છે ?**

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

- ગ્રામસેવક તથા વિસ્તરણ અધિકારી(ખેતી) દ્વારા પ્રગતિશીલ ખેડુતની પસંદગી કરી ગામના અન્ય ખેડુતો પણ નિદર્શન પ્લોટની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે તેવી જગ્યા ઉપર આવેલા ખેતરની પસંદગી કરવામાં આવે છે.

- જિલ્લા કક્ષાએ સંયુક્ત ખેતી નિયામકશ્રી(વિ)ની અધ્યક્ષતામાં જિલ્લા કક્ષાની કમીટી કે જેમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, નાયબ ખેતી નિયામકશ્રી(વિ), નાયબ ખેતી નિયામકશ્રી(તાલીમ), કૃષિ યુનિવર્સિટીના જિલ્લા નોડલ કૃષિ વૈજ્ઞાનિકશ્રીની બેઠક બોલાવી જે તે જિલ્લાની સ્થાનિક પરિસ્થિતિ જરૂરિયાતને ધ્યાને રાખી નિદર્શનની ખેત સામગ્રી નક્કી કરવામાં આવે છે.

<u>**અગ્રતા ક્રમ – ૧૫**</u>

<u>**પ્રશ્ન ૫: નિદર્શનથી ખેડુતોને શું ફાયદો થાય છે?**</u>

જવાબ : **માન. અધ્યક્ષશ્રી**

- ખેડુતોના ખેતર પર નિદર્શન ગોઠવવાથી અન્ય આજુબાજુના ખેડુતોને પણ નવીન સંશોધીત ખેતી સામગ્રીની માહિતી મળી રહે છે. તેમજ નવી સંશોધીત ખેત સામગ્રીના વિકલ્પો વિશે ખેડૂતોમાં જાગરૂતત્તા વધારવા માટે ક્ષેત્રિય નિદર્શનના પ્રદર્શનો એ અસરકારક રીત છે. ખેડૂતો તે અજમાવવા માંગતા હોય તો નિદર્શન સ્થળની મુલાકાત લઇ વધુ માહિતી મેળવીને વધુ ખેત ઉત્પાદન થકી આવક મેળવી શકે છે.